# Bi 121 OLD TESTAMENT
## પાઠ : ૧૯ મુસા અને બળતુ ઝાડવું (નિર્ગમન ૨-૩)

શું તમે કદી દેવને કોઈ કાર્ય પુરુ કરવા માટે મદદ કરી છે ? આપણી તાકાતથી એ કાર્ય કરવુ સરળ બને છે. ખાસ કરીને આપણે યુવાન, સશક્ત અને કોઈ એવી પરિસ્થિતિમાં ફસાઈ એ ત્યારે. આવી જ પરિસ્થિતિમાં મુસાએ પોતાની જાતને અનુભવી. જે આજની વાતમાં જોઈશું.

મુસાએ પોતાની જીંદગીનાં શરૂઆતનાં ૪૦ વર્ષો શાહી જગ્યામાં મહેલમાં કાઢયા તેને મિસરીઓનાં જ્ઞાન અને બુધ્ધિમાં શિક્ષણ આપવામાં આવ્યું તેમજ શબ્દો અને કાર્યોમાં તેને હોંશિયાર બનાવવામાં આવ્યા. (પ્રેરિતોનાં કૃત્યો ૭:૨૨). જો કે તે જાણતો હતો કે તે ઈસ્રાએલી હતો માટે તેણે ફારૂનની દિકરીનાં દિકરા તરીકે રહેવાનું સ્વીકાર્યુ નહિ. તેણે ઈસ્રાએલ પુત્રોને ભયંકર ગુલામીમાં મજુરી કરતા જોયા તો પણ પોતાની જાતને તેણે દેવનાં લોકોની સાથે ઓળખાવી.

એક દિવસ મુસાએ જોયું કે, એક મિસરી પોતાનાં જ હિબ્રૂ માણસને મારી રહયો છે. મુસાએ આસપાસ જોયુ અને કોઈ જોતું નથી તેની ખાત્રી થતા પેલા મિસરીને મારી નાખ્યો. અને તુરંત જ તે શબને તેણે રેતીમાં દાટી દીધુ. મુસાએ વિચાર્યુ કે તેનાં પોતાનાં લોકો એ સ્વીકારશે કે, ઈશ્વરે તેનો ઉપયોગ તેઓને છોડાવવા માટે કર્યો છે. પણ તેઓ તેમ સ્વીકારી શકયા નહિ. (પ્રેરિતોનાં કૃત્ય ૭:૨૫).

બીજે દિવસે જયારે તે બહાર ગયો ત્યારે તેણે બે હિબ્રૂઓને ઝઘડો કરતા જોયા. તેણે ખોટુ કરતા વ્યકિતને કહયું, "તું શા માટે તારા હિબ્રૂ ભાઈને મારે છે ?" તે માણસે પ્રત્યુત્તર આપતા કહયું, "તને અમારા પર ન્યાયાધિશ કોણે ઠરાવ્યો. ગઈ કાલે તેં પલા મિસરીને મારી નાખ્યો.

તેમ મને પણ તું મારી નાખવા ધારે છે શું ?" મુસા ડરી ગયો. તે સમજયો કે, તેણે કરેલો ગુનો પ્રગટ થયો છે. ફારૂનને પણ આ વાતની ખબર પડી તેથી તેણે મુસાને મારી નાખવા પ્રયત્ન કર્યો પણ મુસા મિસરથી ભાગી ગયો.

સુકા ભઠ એવા અરણ્યમાં સિનાઈની દક્ષિણે આવેલા મિદ્યાનમાં તે આવી પહોંચ્યો. તે એ કુવા પાસે બેઠો જયાં સાત કુંવારીકાઓ પોતાનાં બાપનાં ઢોરોને પાણી પાવા સારુ આવી. તેઓ તો યિથ્રો નામનાં યાજકની દિકરીઓ હતા. કેટલાક ભરવાડોએ ત્યાં આવીને તે કુંવારીકા ઓને કાઢી મુકી ત્યારે મુસા તેઓની વચમાં પડયો અને તેમને મદદ કરી. લડાઈ પુરી થયા પછી મુસાએ તે સ્ત્રીઓને તેમનાં ઘેટાંને સારુ પાણી કાઢવામાં પણ મદદ કરી. જયારે તેઓ જલદીથી ઘરે પાછી ફરી તો તેનાં પિતાને આશ્ચર્ય થયુ. તેઓએ તેને કહયું કે, એક મિસરીએ તેઓને ભરવાડોથી બચાવી અને ઘેટાંઓને પણ તેણે પાણી પાયુ. યિથ્રોએ પુછયું, "તો ત્યારે તે કયાં

છે ? તે માણસને તમે રોટલી ખાવા માટે તેડાવો".

થોડા વખત પછી તે માણસે પોતાની દિકરી સિપ્પોરાહને મુસાને પરણાવી અને મુસા યિથ્રોનો ભરવાડ થઈને રહયો. મુસાને ગેર્શોમ તથા અલીએઝેર નામનાં બે પુત્રો થયા. સમય જતો રહયો અને મિસરનો રાજા પણ મરી ગયો. ઘાતકી ગુલામીનાં કારણથી ઈસ્રાએલીઓએ મદદને માટે દેવને પોકાર કર્યો. દેવે પણ ઈબ્રાહિમ, ઈસહાક તથા યાકુબ સાથે કરેલો કરાર યાદ કર્યો. અને તેમના દુ:ખને નિહાળ્યુ. મુસા આ સમયે ૮૦ વર્ષનો થયો હતો. અને

હજી પણ અરણ્યમાં તે પોતાનાં સસરાના ઘેટાં ચરાવતો હતો. આ સમયે તે સિનાઈ પાસે એટલે 'દેવનાં પર્વત પાસે' આવ્યો. ત્યાં અગ્નિમાં બળતા ઝાડવા રુપે દેવનાં દૂતે તેને દર્શન દીધું. મુસાએ જોયું કે, ઝાડવું બળે છે પણ રાખ બનતુ નથી. તેથી શું થાય છે તે જોવા તે નજીક આવ્યો . ત્યારે દેવે ઝાડવામાંથી તેનાં નામની બુમ પાડી અને કહયું, "મુસા મુસા" હું આ રહયો મુસાએ કહયું. દેવે કહયું, "નજીક આવતો ના. તારા ચંપલ ઉતાર. કેમકે જે જગ્યાએ તું ઉભો છે તે પવિત્ર ભૂમિ છે." મુસાએ પોતાનાં ચંપલ ઉતાર્યા અને દેવે ફરી તેની સાથે વાત કરી. "હું તારા પિતૃઓ ઈબ્રાહિમનો દેવ તથા ઈસહાકનો દેવ તથા યાકુબનો દેવ છું. મુસાએ પોતાનું મોઢું ઢાંકયુ કેમકે તે દેવ તરફ જોતા ડર્યો. દેવે કહયું કે, "મેં મારા લોકનું દુ:ખ નિશ્ચ્ય જોયુ છે. ને તેમના મુકાદમોને લીધે તેમનો વિલાપ સાંભળ્યો છે. મિસરીઓનાં હાથમાંથી તેઓને છોડાવવા સારુ અને તેઓને કનાન દેશમાં લઈ જવા હું આવ્યો છું. મિસરમાંથી મારા લોક ઈસ્રાએલ પુત્રોને કાઢી લાવવા માટે હું તને ફારૂન પાસે મોકલું છુ. મુસાએ કહયું કે, "હું કોણ કે ફારૂનની પાસેથી હું ઈસ્રાએલ પુત્રોને કાઢી લાવુ ? મિસરમાંથી ઈસ્રાએલીઓને કાઢી લાવવા હું યોગ્ય વ્યકિત નથી."

દેવે મુસાને વિશે ધિરજ રાખી કહયું, " હું નિશ્ચ તમારી સાથે છું" જયારે તે લોકોને તું મિસરમાંથી કાઢી લાવે ત્યારે તમ આ પર્વત પર મારુ ભજન કરશો. મુસાએ કહયું કે, જો હું ઈસ્રાએલ પુત્રો પાસે જઈને તેઓને કહું કે, તમારા પિતૃઓનાં દેવે મને તમારી પાસે મોકલ્યો છે. તો તેઓ કહેશે તેનું શું નામ છે ? તો તેઓને હું શું કહ ? અને દેવે મુસાને કહયું, "હું જે છું તે છું". ઈબ્રાહિમ, ઈસહાક અને યાકુબના દેવે મને તમારી પાસે મોકલ્યો છે. ઈસ્રાએલનાં વડીલો તારુ સાંભળશે પણ ફારુન નહિ સાંભળે. તેથી હું તેને ભયંકર શિક્ષા કરીશ. જયારે હું મારા દરેક કાર્યો પુરા કરીશ ત્યારે તે ઈસ્રાએલ પુત્રોને જવા દેશે.

પણ મુસા હજુ પણ અચકાતો હતો. અને ત્રીજી વાર એણે પુછયું, "જો તેઓ મારા પર વિશ્વાસ નહિ કરે અને મારુ નહિ સાંભળે તો ? તેથી દેવે કહયું, "તારા હાથમાં શું છે ?" તેણે ઉત્તર આપ્યો કે, "લાકડી". અને તેણે કહયું કે, "તે ભૂમિ પર નાંખ." મુસાએ તે ભૂમિ પર

નાંખી એટલે તે સર્પ થઈ ગઈ. અને ડરથી મુસા પાછો હટયો. અને દેવે કહયું, "તારો હાથ લાંબો કરીને તેની પૂંછડી પકડ, ત્યારે મુસાએ તેની પૂંછડી પકડી અને તે તેનાં હાથમાં ફરી લાકડી થઈ ગઈ.

અને દેવે કહયું, "તારો હાથ તારા બદનમાં નાંખ". મુસાએ તેમ કર્યુ અને જયારે તેણે હાથ બહાર કાઢયો ત્યારે તેનો હાથ કોઢીલો બની બરફ જેવો સફેદ થઈ ગયો હતો. દેવે ફરી કહયું કે, ફરી તારો હાથ બદનમાં નાંખ અને જયારે તેણે હાથ બહાર કાઢયો તો તેનો હાથ તેનાં બાકીનાં દેહ જેવો થઈ ગયો હતો. અને દેવે કહયું, "લોકો આ ચિહન જોશે ત્યારે તેઓ વિશ્વાસ કરશે કે હું તારી સમક્ષ પ્રગટ થયો છું. તો પણ જો તેઓ ન માને તો નાઈલ નદીમાંથી તું પાણી લઈને કોરી ભૂમિ પર રેડજે અને તે લોહી બની જશે." અને મુસાએ ચોથી વાર બચાવ કરતા કહયું કે, "હે પ્રભુ, હું કદી પણ સારી રીતે બોલી શકયો નથી. હું બોલવે ધીમો છું તેમજ મારી જીભ મંદ છે." ત્યારે દેવે ઉત્તર આપ્યો કે, "મુસા, માણસનું મુખ કોણે બનાવ્યું છે ? માણસને મુંગો કે બહેરા કે દેખતો કે આંધળો કોણ કરે છે ? જા, અને હું જેમ કહું છુ તેમ તુ કર. હું તને બોલતા શીખવીશ અને શું કહેવું ? તે જણાવીશ. મુસાએ ફરી વિનંતી કરી કે "પ્રભુ મહેરબાની કરીને બીજા કોઈને મોકલ." આ સમયે દેવ ગુસ્સે થયા અને કહયું, "તારો ભાઈ હારૂન તને મળવા આવે છે. તે સારા વકતા છે. તેને સાથે લે અને મિસરમાં જા. તારી લાકડી તારી સાથે રાખ કે જેથી તેનાં દ્વારા હું ચમત્કાર અને ચિહનો કરાવીશ.

આ મહત્વની વાત એ દર્શાવે છે કે, દેવે જણાવેલું દરેક કાર્ય પુરુ કરવું જ રહયું કેમકે તે તેની યોજના તથા સમય પ્રમાણે હોય છે અને નહિ કે આપણી ઈચ્છા અનસાર. તે આપણને દરેક કાર્યો કરવાને માટે યોગ્ય બનાવે છે. બીજુ કે જયારે પ્રભુ તમને કોઈ મોટા કાર્ય અર્થે બોલાવે છે ત્યારે તે તમારા બહાના કે અવિશ્વાસને સ્વીકારતા નથી. આ વાત એ સચ્ચાઈ દર્શાવે છે કે, દેવની યોજના તથા તેઓ જેને બોલાવે છે તે સમય તેમના દ્વારા નકકી થાય છે અને આપણા દ્વારા નહિ.

આ પાઠનું પુનરાવર્તન કરતા નીચેનાં પ્રશ્નોનાં જવાબ આપો :

પ્ર.૧ દેવે મુસાની સાથે શા માટે બળતા ઝાડવામાંથી વાત કરી ?

(જ) (પ સેકંડ માટે વિચારો) જો તમારો જવાબ છે કે,– મેં તને પસંદ કર્યો છે કે તું મારા લોકને કનાન દેશમાં દોરી જાય – તો તમે સાચા છો.

પ્ર.૨ ઈશ્વરની યોજના સામે મુસાનો પ્રતિભાવ કયો હતો ?

(જ) (પ સેકંડ માટે વિચારો) જો તમારો જવાબ છે કે, "હે દેવ, મને ના મોકલો ઈસ્રાએલીઓ ને મિસરમાંથી કાઢી લાવવા હું યોગ્ય વ્યકિત નથી" – તો તમે સાચા છો.

પ્ર.૩ મુસાના ફારૂન રાજા સાથે વાતચીત કરવા બાબતે દેવે મુસા સાથે કઈ બાંધછોડ કરી ?

(જ) (૫ સેકંડ માટે વિચારો) જો તમારો જવાબ છે કે,- તારો ભાઈ હારૂન સારો વકતા છે તેને સાથે લઈને મિસર દેશમાં જા - તો તમે સાચા છો.

શું તમે એવું અનુભવો છો કે, કોઈ ચોકકસ કાર્યને સારુ દેવે કદી તમારી સાથે વાતચીત કરી છે ? તમારો પ્રત્યુત્તાર કેવો હતો ? ડરી ગયેલા કે વિશ્વાસ સાથેનો જવાબ હતો. આજે પણ દેવે દર્શાવેલા માર્ગ પર તમે ચાલી રહયા છો શું ?

આ અભ્યાસને તમે ત્રણ વખત સાંભળો તે તમારૂ ગૃહકાર્ય છે. તમારા મનથી દરેક પ્રસંગો વિચારો ત્યાર બાદ જે તમને યાદ રહયુ તે તમારા શબ્દોમાં વર્ણવો. આ ઘટનાઓ અને બનાવોને સાચી રીતે બીજાને કહી શકો ત્યાં સુધી બરાબર સાંભળો. લગભગ ૪૫ મિનિટ સુધી આ સાંભળવાનું ચાલુ રાખો. તમે કોઈક વ્યક્તિને આ બાબત કહી શકવા માટે બીજા વ્યક્તિની તમને જરૂરત પડશે. પુનરાવર્તનનાં પ્રશ્નો તમારા મિત્રોને પુછો અને સાંભળ્યા પછી તેમના જવાબો આપો.